Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# મધ્યકાલીન ગુજરાતીમાં ઉત્તરગુજરાતની વાળીનાથ (તરભ) પંથપરંપરાના સંતોનું પ્રદાન

પાયલબેન ઈશ્વરભાઈ દેસાઈ
પીએચડી સ્કોલર.(ગુજરાતી વિભાગ)
હેમપાટણ.યુનિ.ગુજ.ઉ.

## ૧. પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સમયગાળાને આશરે 1150થી લઈ 1850 સુધીનો ગણવામાં આવે છે. આ સમયમાં વિધર્મીઓનું શાશન હતું. તેમાં લોકોની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળી ગઈ હતી. લોકોના જીવન ઉલ્લાસનો સદંતર નાશ પામ્યો હતો અને લોકો ભક્તિ તરફ વળ્યા હતા. મધ્યયુગના સર્જકો મુખ્યત્વે ભક્તિમાર્ગી અને જ્ઞાનમાર્ગી કવિતાઓનું સર્જન કર્યું છે. આ સમયમાં નરસિંહમહેતા, મીરાંબાઈ, ધીરો, બાપુસાહેબ ગાયકવાડ, પ્રીતમ, ભોજાભગત, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, વલ્લભમેવાડો, દયારામ, કૃષ્ણાબાઈ, પુરીબાઈ, ગંગાસતી, સતીલોયણ જેવા અનેક સંતો અને ભક્તો થઈ ગયા. આ ઉપરાંત ભાણસાહેબપંથી ,કબીરપંથી અને મુસ્લિમ સંતોનું પણ સારું એવું યોગદાન રહેલું છે. આ સમયમાં પ્રભાતિયાં, પદ, કાફી, ચાબખા, બારમાસી, છપ્પા, પદ્યવાર્તા, આખ્યાન, સાખી, ગરબો, ગરબી, મહિના, થાળ, આરતી જેવા અનેક સાહિત્ય સ્વરૂપોનો વિકાસ થયો હતો. આ યુગના સર્જકો ધર્મપ્રધાન સાહિત્યના ઉપાસક હતા. તેઓ કોઈ દેવીદેવતાઓ કે ઈષ્ટદેવના ઉપાસક હોઈ તેમની આરાધના કરતા હતા. તેમના યુગમાં પદ્ય પ્રધાન સાહિત્ય રચાયુંહતુ. આ સર્જકો રામ, કૃષ્ણ, શિવ, શક્તિની ઉપાસના કરતા હતા. આ યુગના સર્જકો પોતાને કવિ કે સર્જક તરીકે નહિ પણ એક ભક્ત કે સંત તરીકે ઓળખાવે છે.

## ૨. સંતની ઉત્પત્તિ અને સંજ્ઞા

સંતએ 'સત્' શબ્દ પરથી ઉતરી આવેલો છે. સંતનો અર્થ સજ્જન, પરોપકારી, પવિત્ર, બુદ્િધમાન, મહાત્મા, વિવેકી, ક્ષમાશીલ, દાનશીલ, નિષ્ઠાવાન, નિસ્વાર્થી, પરોપકારી, એવો થાય છે. ઋગ્વેદમાં સત્ એટલે 'બ્રહ્મ' અર્થમાં વપરાયછે. સંતએ નિઃસ્વાર્થ ભાવે લોકોને સાચો રાહ બતાવે છે. અસત્યમાંથી સત્ય તરફ તથા અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. પ્હાણામાંથી સાચો હીરો બનાવવાની શકિત તો સાચા સંતની જ છે. કેટલાક વિદ્ધવાનોનો મંતમંતાતર છે કે 15મી સદીમાં ભારતમાં વિધર્મીઓ ના સાશનના પ્રત્યાઘાતરૂપે સંતોસાહિત્યનો આવિર્ભાવ થયો પણ આધુનિક વિદ્ધવાનો આ વાત સાથે સમંત નથી. તેમના મત મુજબ સદીઓથી ભારતના લોકહદયમાં સંતોએ સ્થાન ગ્રહણ કર્યું છે. સંત એટલે 'પરમાત્માનો સાક્ષાત્કાર થયેલ સ્થિરવ્યકિત'. આમ, સંત એ નિષ્ઠાવાન, પરોપકારી, સત્યવાન અને પરમાત્માના સાક્ષાત્કારસ્વરૂપ હોય છે. તે મોહ-માયા, મમતા, લોભ, લાલચ, ક્રોધ, મત્સ્ય, વ્યસન, વ્યાભિચારથી અલિપ્ત હોયછે. સાચો સંત લોકોની અંધશ્રદ્ધા, વ્હેમો, કુરિવાજો, વ્યસનો વગેરેથી મુક્ત કરવાનું ભાગીરથ કાર્ય કરે છે. સંત સાહિત્ય એ પ્રાચીન સમયથી કઠોપકંઠ ઉતરી આવેલું છે. જેના સર્જકો નિરક્ષર હોઈ લિપિબદ્ધ કરી શક્યા નથી. અત્યારે અક્ષરજ્ઞાન

પામેલ સર્જકો તેને લિપિબદ્ધ કર્યું છે.પણ જોઈએ તેટલા પુષ્કળ પ્રમાણમાં આ કામ થયેલ નથી. સૌરાષ્ટ્ર પ્રદેશને ઉજાગર કરવાનું બીડું ઝવેરચંદ મેઘાણીએ ઝડપ્યું હતું. આ ઉપરાંત નાથાલાલગોહિલ, નિરંજનરાજગુરુ, બળવંતજાની ભગવાનદાસ પટેલ વગેરે જેવા સર્જકોએ સંતસાહિત્યને ઉજાગર કરવા પ્રયત્નો કર્યા છે.

### ૩. સંતનાં લક્ષણો

સાચા સંત કોને કહેવાય ? તે અંગે તેમના સમાન લક્ષણોની વિગત નીચે પ્રમાણે છે.

- સંત એ પરોપકારી, નિઃસ્વાર્થભાવે સમાજને સાચી દિશા તરફ આંગળી ચીંધવાનું કામ કરે છે.
- સંત પોતે કષ્ટ સહન કરી બીજાને સુખ આપે છે.
- સમાજના કુરિવાજ, અંધશ્રદ્ધા, વ્યસન, વ્હેમ જેવા દુષણો તરફ લાલબત્તી કરી સમાજને તેનાથી જાગૃત કરે છે.
- સંત પરોઢિયે પરમાત્માની સ્તુતિ કરે છે અને આખો દિવસ પરમાત્મામાં જ લીન હોય છે.
- તેઓ આખો દિન ધાર્મિક કાર્યોમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.
- મોહ - માયા, લોભ, લાલચ, ક્રોધ, મમતા, મત્સ્ય, વ્યાભિચાર જેવા દુષણોથી અલિપ્ત હોય છે.
- બીજાનું દુઃખ જોઈ તેને મદદ કરવાની ભાવના
- પરસ્ત્રીને માતા સમાન ગણે છે.
- તેઓ કોઈની નિંદા કે કુથલી કરતા નથી.
- તેઓ સમાજના કોઈ ઊંચ- નીચ જેવા ભાવોથી પર હોય છે. બધાને સમાન ગણે છે.
- તેઓ નિરાભિમાની ઘમંડ વગરના અને સ્વાર્થવૃત્તિ થી અલિપ્ત હોય છે.
- બીજાના કષ્ટને પોતાનું કષ્ટ ગણે છે.
- તેઓ વાણી, કર્મ અને મનથી નિશ્ચલ હોય છે.
- તેઓ બધાને સમાન દ્રષ્ટિથી જુએ છે અને તૃષ્ણાત્યાગી હોય છે.
- તેઓ અસત્ય બોલતા નથી.
- તેમના મનમાં વૈરાગ્ય વ્યાપેલો હોય છે.
- સાચો સંત બીજાના ધનને હાથ અડાડતો નથી.

આમ , સાચા સંતના લક્ષણો ઉપરોક્ત પ્રમાણે જણાવેલ છે.

### ૪. ઉત્તર ગુજરાત વાળીનાથ (તરભ)પંથપરંપરાના સંતોનું પ્રદાન

ભારત દેશ આધ્યાત્મિકતાને વરેલો છે. ભારતભૂમિ એટલે 'સંતો, ભક્તો અને મહંતોની ભોમકા. 'ભારતની વાત કરીએ તો સંતોનો પાદુર્ભાવ ઉત્તરભારતમાં થયો હોવાનું અમુક વિદ્વવાનો માને છે. ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના ઝળહળતા શિખરો સંતો છે. ભારતભૂમિ અનેક પુણ્યશાળી સંતો, મહંતો અને ભક્તોની સિદ્ધચરણરજથી ધન્ય બની છે. ભારતમાં સંતોની પરંપરા ખૂબ જ પ્રાચીન છે. તેમા ગરવી ગુજરાતની ભૂમિ એટલે સંતોની ભૂમિ. સૌરાષ્ટ્રમાં સંતોના બેસણા વગરનો કોઈ પ્રદેશ જોવા ના મળે. જંગલો, ગુફાઓ, પર્વત પર – ખેતરે કે ગામડે –ગામડે વનવગડામાં અનેક સંતોના સ્થાનકો ધરાવતી ભૂમિ ખરેખરપ પવિત્ર અને પાવનકારી છે. ગઢ ગિરનાર તો સાધુઓનું પિયર ગણાય. આવા પાવનકારી સંતોને સર્જકોએ પોતાની કલમ વડે ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. ગુજરાતને ભૌગોલિક

દ્રષ્ટિએ મુખ્યત્વે પાંચ વિભાગમાં વહેંચેલો છે. (૧)ઉત્તર ગુજરાત (૨) સૌરાષ્ટ્ર (૩) મધ્યગુજરાત (૪) દક્ષિણ ગુજરાત અને (૫) કચ્છ આ બધા પ્રદેશને વહીવટીકારણની સવલતને ધ્યાનમાં રાખીને વિભાજીત કરવામાં આવ્યા છે. તેમાં ઉત્તરગુજરાતમાં પાટણ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી જેવા છ જીલ્લોનો સમાવેશ થાય છે. તેમાં પાટણનું સિદ્ધપુર એટલે દેવોનું મોસાળ મનાય છે. આવી પવિત્ર ભોમકામાં સાચા શુરા જેવા સંતો પાક્યા છે જે અમૂલ્ય રતનસમાં છે. તેમાં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલા તરભ ગામમાં બિરાજમાન પ.પૂ.મહંતશ્રીઓને ઉજાગર કરીશું.

### ૫. તરભ ગામનું નામાંકરણ તથા વાળીનાથની સ્થાપના

તરભ એ ઊંઝા વિસનગર હાઈવે પર આવેલું ગામ છે. આ ગામનું નામ તરભોવન નામના મોયડાવ રબારીના નામ પરથી પડ્યું છે. તેના વિશે એવું મનાય છે કે તરભોવન માતા સુંધાજીની યાત્રાએ જતો હતો. તે વૃદ્ધ થવાથી હવે માતાના દર્શને આવી શકે તેવી હાલતમાં ન હતો તેથી તેને માતાને પોતાના રહેણાંક વિસ્તારમાં આવવા આજીજી કરી. માતાએ જણાવ્યું તારા ગામમાં વિરમગીરીબાપુ તપ કરે છે ત્યાં મારો વાસ છે. તરભોવન ત્યાં ગયો બાપુએ પવિત્ર અને પુરાતન ભોમકામાંથી મૂર્તિ બહાર કઢાવી માતા ચામુંડા, ગણેશજી, ગોગામહારાજ અને વાળીનાથની સ્થાપના કરી. તરભોવન બાપુના સાનિધ્યમાં રહેવા લાગ્યોઅને બીજા લોકોએ પણ ત્યાં વસવાટ કર્યો અને તરભોવનના નામ પરથી તરભ ગામનું નમાંકરણ થયું.

### ૬. વાળીનાથના સંતોનું પ્રદાન

વાળીનાથ એ મૂળ શિવ જ છે પણ હિન્દીમાં ગવાલીનાથ કહે છે તેનો અર્થ ગાયની રક્ષા કરનાર એવો થાય છે.જ્યારે માલધારી લોકો પોતાની બીમાર કે રોગમાં સપડાયેલી ગાયોની માનતા રાખી વાળીનાથનું નિવેધ કરવાથી ગાય તે રોગમાંથી મુક્તિ મેળવતી હતી. આમ ગવાળીનાથનું અપભ્રંશ થતા વાળીનાથ નામ પડ્યું. તરભ ગામ એ વિસનગર અને ઊંઝા હાઈવે પર આવેલું એક ગામ છે. ત્યાં પુરાતન વાળીનાથ અખાડાની જગ્યા આવેલી છે. આ જગ્યામાં માલધારી સમાજ ખૂબ જ માને છે ત્યાં વાળીનાથનું પ્રાચીન મંદિર આવેલું છે. આ મહાન સંતોના પુણ્યના પ્રતાપે દેશમાં પણ તરભનું નામ ગુંજતું થયુ છે. આવા મહાન સંતોથી માહિતીગાર થઈશુ.

#### *૬.૧ વિરમગીરીજી બાપુ*

વિરમગીરીજી બાપુ વાળીનાથ ધામના આદ્યપ્રવર્તક મનાય છે. તેઓ સવંત 1200માં ગુજરાતના ઉમાપુરી ગામે આવ્યા. આ ઉમાપુરી ગામ એટલે આજનું ઊંઝા. અહીં ગણેશપુરીજી સંત તપસ્યા કરતા હતા. તેમને વિરમગીરીજી બાપુને જોઈ ખુશ થયા અને રોકાઈ જવા માટે આગ્રહ કર્યો. બાપુએ તેમના આગ્રહને માન આપી ઉમાપુરીના સીમાડે વાસ કર્યો. આ સંતોના સમયમાં ઘણા ચમત્કારો સર્જાયા છે. આ ચમત્કારો પોતાની તાકાત બતાવવા નથી કરતા પણ પરમાત્મા સાથે તેઓ લીન હોય તે સમયે આ ચમત્કારો સર્જાતા હોય છે. તેમનાચમત્કારો જોઈએ તો.

#### *૬.૧.૧ ચમત્કારો (પરચાઓ)*

ઉમાપુરીમાં મલોત શાખના પટેલો રહેતા હતા. તેમને જંટ્રોણા રાક્ષસોનો ત્રાસ વધતો હતો. પટેલો બાપુ પાસે ગયા બાપુએ અભયવચન આપ્યું પટેલો ખુશ થઈ બાપુ સાથે સત્સંગમાં જોડાઈ ગયા. સત્સંગમાં જોડાયેલાં ભક્તો, સંતો અને

લોકોને જોઈ જંદ્રાણા રાક્ષસો તેમને હેરાન કરવા ગયા ત્યારે તેમને ભાગવા વેશધારી ભયંકર સત્સંગીઓને જોઈ રાક્ષસો ડરી બાપુના પગમાં પડી માફી માગી. પટેલો ભયમુક્ત થવાથી વિરમગીરીજીબાપુના આશ્રિત બન્યા.

તરભોવન રબારી બાપુને પ્રાતઃકાળે દૂધ લઈ તેમની સેવામાં હાજર થયો, વરસાદને કારણે અગ્નિ પ્રગટતી ના હોઈ મુંઝવણ અનુભવતો હતો. આ સમયે ગુરુદેવ વિરમગીરીજી બાપુ ધ્યાનાવસ્થામાંથી મુક્ત થયા અને ચિપીયો ઉઠાવી રાયણના ઝાડ નીચે અખંડ અગ્નિ હતો તે પ્રગટાવ્યો અને ભક્ત તરભોવનને અખંડધુણાના દર્શન કરાવ્યા. રાયણના ઝાડ નીચે આજે પણ અખંડધુણો છે તે બાપુના ચમત્કારની સાક્ષી પૂરે છે.

એકવાર એક રબારી ભક્તે અંધ ગાયની વાછડી લઈ વાળીનાથમાં પધારી બાપુને કહ્યું આ અંધ વ્હાલી વાછડી મારાથી સાચવી શકાતી ના હોઈ હું વાળીનાથ સ્થાને આપુ છુ. બાપુએ વાછડી માથે હાથ મુકીને વાછડીને આશીર્વાદ આપ્યા અને વાછડી દેખતી થઈ. બાપુએ તેનું નામ લાડકી રાખ્યું. આજે પણ આ ગાયનો વંશવેલો વાળીનાથધામમાં ટકી રહ્યો છે. આ ગાયના વંશવેલાની આશરે 250થી વધારે ગાયો અને વાછડીઓ છે.આ ગાયોની પૂજયભાવે સેવા કરવામાં આવે છે. તેમના દૂધને વેચવામાં આવતું નથી પણ પ્રસાદરૂપે ધરવામાં આવે છે. સૌરાષ્ટ્રના કાઠી દરબારે બાપુને રેમી ઘોડી ભેટમાં આપી. બાપુના ઘોડીને આપેલ આશિર્વાદથી વાળીનાથ ની શોભામાં વૃદ્ધિ કરે છે. આજે આશરે 15 જેટલી ઘોડીઓ વાળીનાથમાં છે. આજે પણ વાળીનાથધામમાં બાપુએ પ્રગટાવેલો અખંડધુણો, લાડકી ગાય અને રેમી ઘોડીની પૂજા અને સેવા કરવામાં આવે છે.

એકવાર વાલમ ગામના ભુલાભાઈ વાળીનાથના દર્શને આવ્યા. બાપુએ તેમના મનોરથો જાણી આશીર્વાદ આપ્યા તેનાથી ભુલાભાઈને ઘરે દીકરો અવતર્યો. ભુલાભાઈ બાપુની આજ્ઞાથી પરિવાર સાથે તરભ આવી વસવાટ કર્યો. એકવાર બાપુના સ્વર્ગવાસનો સમય થયો ત્યારે બાપુએ એક ચોડ શાખના ચૌધરીના ઘરે જઈ ઝોળી અને દંડો આપ્યો અને કહ્યુ મારો બીજો જન્મ લઈશ ત્યારે આ તારે ઘેર આવી લઈ જઈશ. બાપુએ વિસનગરમાં જીવરામગિરી તરીકે લલુતરા કુળમાં રબારીને ઘરે જન્મ લીધો. બધા તેમને જીવા ભગત કહેતા. તેઓ કુટુંબની રજા લઈ વાળીનાથ ધામમાં આવ્યા. ચોડ ચૌધરીના ઘરે જઈ ઝોળી અને દંડોમાગ્યો.બધાએ જીવાભગતને પ્રણામ કર્યા. આમ બાપુનો બીજો અવતાર પણ જીવાભગત તરીકે થયો ત્યાં બાપુએ જીવતા સમાધિ લીધી જે અહી વાળીનાથમાં પૂજાય છે.

### ***૬.૨ મહંતશ્રી પ્રેમગિરિજી***

પ્રેમગિરિજી બાપુ વિરમગીરીજી બાપુના શિષ્ય હતા. બાપુએ વાળીનાથની સમગ્ર જવાબદારી પ્રેમગિરિજીબાપુને સોંપી તેમને જીવંત સમાધિ લીધી જે આજે વાળીનાથમાં પુજાયછે. પ્રેમગિરિજીબાપુ વિરમગીરીજીબાપુની આજ્ઞા લઈ સૌરાષ્ટ્રની યાત્રાએ પધાર્યા. પગપાળા યાત્રા કરતા કરતા ગિરનારની યાત્રાએ ગયા ત્યાંથી સૌરાષ્ટ્રમાં ભક્તોએ બાપુનીઅગતા સ્વાગતા કરી તથા પ્રેમગિરિજીબાપુએ સત્સંગ સૌને રસતરબોળ કર્યા. વિદાય વખતે એક દરબારે બાપુને ભેટમાં રેમી ઘોડી આપી. તેના વંશની હાલ 15 જેટલી ઘોડીઓ છે. પ્રેમગિરિજીબાપુએ વાળીનાથની સમગ્ર જવાબદારી સંતોષગીરીબાપુને સોંપી દેશ-પરદેશ પરિભ્રમણ કરતા રહેતા હતા. પ્રેમગિરિજીબાપુએ પરિભ્રમણ કરી સંતોને વાળીનાથની ભોમકામાં આવતા કર્યા અને વાળીનાથના નામની પ્રસિદ્ધિ દૂરદુર ફેલાવી. તેમને સૌની સેવા કરી દેહ છોડી પંચમહાભૂતમાં બ્રહ્મલીન થયા.

### *૬.૩ સંતોષગીરીજી*

પ્રેમગિરિજી બાપુના શિષ્ય હતા. તેમને વિરમગીરીજીબાપુની યાદમાં ભંડારો કરી તેમની સમાધિ બનાવી. સંતોષગીરી બાપુએ ગિરનારની યાત્રા કરી. દેશમાં પરિભ્રમણ કરી સંતોનો સંપર્ક કરી વાળીનાથ આવતા કર્યા તથા વાળીનાથના સંતોની સેવા કરી તથા પૂજયભાવ રાખતા. તેમને વાળીનાથ ધામ માટે ખૂબ જ પરિશ્રમ કર્યો હતો. તેઓ પંચમહાભૂતમાં બ્રહ્મલીન થયા.

### *૬.૪ પરમ પૂ. ગુલાબગિરિજી બાપુ*

પ.પૂ.મહંતશ્રી સંતોષગિરિજીબાપુના અનુગામી તરીકે ગુલાબગિરિજીબાપુએ વાળીનાથની સમગ્ર જવાબદારી ઉપાડી. તેમને સંતો, મહંતો, ગાયમાતાઓ, ઘોડીઓ વગેરેની સેવા ચાકરી કરી પોતાની મહંત તરીકેની જવાબદારી સારી રીતે નિભાવી. તેમને પ.પૂ. વિરમગીરીજીબાપુએ ચીંધેલા માર્ગને વફાદાર રહીને ભક્ત, સેવકો અને રબારી સમાજની અવિરતપણે સેવા કરતા રહીને વાળીનાથનો મહિમા વધારવામાં તેમનું મહત્વનું યોગદાન છે.તેઓ સદ્ગુરુ તથા વાળીનાથને સમર્પિત હતા.

### *૬.૫ પરમ પૂ.મહંતશ્રીનાથગિરિજી (આશરે .વિ.સં. 1900)*

ગુલાબગિરિજીબાપુના અનુગામી મહંત તરીકે તેમને વાળીનાથની સમગ્ર જવાબદારી સાંભળી. તેઓ વિવેકી અને કળથી કામ લેનારા હતા. જેમને કોઈને માન આપી, કોઈને જ્ઞાન આપી, કોઈને જમાડી તો કોઈના મનોરથો પૂર્ણ કરી હેતપૂર્વક વ્યવહાર કરનારા હતા. તેમના સમયમાં આશરે.વિ.સં.900માં વાળીનાથના મઠનું બાંધકામ થયું. રબારી સમાજે સારો ફાળો આપ્યો. તેમના સમયમાં માલબાઈ નામની રબારી દીકરી મહાન ભક્ત થઈ ગયા. માલબાઈની સમાધિ વાળીનાથમાં પૂજાયછે.

### ૭. ઉપસંહાર

વાળીનાથ એ ઉત્તરગુજરાતમાં આવેલું પ્રાચીન ધામ છે.આ ભૂમિ પર પાંચ જીવંત સમાધિઓ આવેલીછે જે વાળીનાથના ધામમાં પૂજાય છે. ઉપરોક્ત મહંતો ઉપરાંત જગમાલગિરિજી, ભગવાનગિરિજી, મોતીગિરિજી, કેશવગીરીજી, શંભુગિરિજી, હરિગિરિજી, સૂરજગિરિજી જેવા મહંતો થઈ ગયા છે. જેમને વાળીનાથમાં ખુબ જ યોગદાન આપી આ ધામનું મહત્વ વધાર્યું છે. આ ઉપરાંત માનગીરીજી, રેવાગિરિજી, અરજણગિરિજી, હેમગિરિજી, રણછોડગિરિજી, મહાદેવગિરિજી જેવા પૂજ્ય કોઠારીઓનું પણ સારું એવું યોગદાનછે. હાલના પ.પૂમહંતશ્રી બળદેવગિરિજીબાપુ છે અને કોઠારી તરીકેપ.પૂ. ગોવિંદગિરિજી છે તથા લઘુમહંત તરીકે જયરામગિરિજી છે. તેમના બધા થકી વાળીનાથનો સારો વિકાસ થયો છે તથા દશેદિશામાં નામ ગુંજતું થયું છે. જયરામગિરીબાપુ યુવાન છે જેમને સ્પર્ધાત્મક કલાસનું આયોજન કરી નોકરીની ઉત્તમ તકો માટે યુવાનોને પ્રોસાહિત કરે છે તથા પ.પૂ.મહંતશ્રી તથા કોઠારી બન્ને રાજસ્થાનમાં રામદેવડા જતા લોકો માટે ધર્મશાળાનું આયોજન કરેલ છે તથા અંબાજીમાં પણ વાળીનાથની ધર્મશાળા કાર્યરત છે. શાળાના પુસ્તકો વિનામૂલ્ય આપી સમાજના ગરીબ છોકરાઓને શિક્ષણમાં મદદગાર બને છે. અભ્યાસ બાદ તે વર્ષના પુસ્તકો જમા કરાવી નવા વર્ષના પુસ્તકો બાળકોને આપે છે તથા સમાજના શારીરિક રીતે અશક્ત હોય તેવા લોકોની વાળીનાથના સંતો,મહંતો સેવા કરે છે. સમાજનાહિતમાટેમહંતશ્રી, કોઠારી તથા અન્ય સંતો પોતાની સારી ભૂમિકા

ભજવી યોગ્ય દિશા બતાવવા આંગળી ચીંધે છે. આવા મહંતશ્રી, કોઠારી, લઘુમહંતશ્રી તથા અન્ય સંતોના ચરણોમાં નતમસ્તક વંદન.

**સંદર્ભ સાહિત્ય**

૧. ત્રિવેદી, રમેશ.એમ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ
૨. મહેતા, ચંદ્રકાન્ત મધ્યકાળના સાહિત્ય સ્વરૂપો
૩. મકવાણા, રાજેશભાઈ ઉત્તર ગુજરાતસંત સાહિત્ય વ્યાપ અને વિસ્તાર
૪. મકવાણા, રાજેશભાઈ ઉત્તર ગુજરાત સંત પંથ સાહિત્ય
૫. કરમટા, કે.એચ. સૌરાષ્ટ્રના રબારી સંતો, ભક્તો અને સતિઓ
૬. શ્રી વાળીનાથ ગૌરવ ગાથા-શ્રી ગણેશદાસ મહારાજ (આચાર્યશ્રી કબીર સંપ્રદાય)
૭. વીણેલા મોતી શ્રી વાળીનાથ ભજનાવલી-સંપાદકપ.પૂ.મહંતશ્રી૧૦૦૮ગુરુ બળદેવગિરિજી